માર્ચ ૨૦૨૬

# અક્રમ એક્સપ્રેસ



# કબૂલ કરીએ...

## સંપાદકીય

બાળમિત્રો,

માની લો કે રમતા રમતા તમારાથી મમ્મીનું ગમતું ફ્લાવર પોટ તૂટી ગયું. મમ્મી પૂછે ત્યારે તમે બે જવાબ આપી શકો છો. - 'સૉરી મમ્મી, મારાથી તૂટ્યું. હું સાફ કરી દઉં છું.' અથવા 'મેં કંઈ નથી કર્યું. એ તો પવનના કારણે તૂટ્યું.' આ બેમાંથી તમે કયો જવાબ પસંદ કરશો ? તમને શું લાગે છે કે કયો જવાબ મમ્મીને ગમશે ? પહેલો ! કારણ કે બહાના બનાવવા તો નબળાઈ છે. જે ખરેખર ભૂલમાંથી બહાર નીકળીને શક્તિશાળી બનવા માંગે, તેઓ ભૂલનો સ્વીકાર કરીને માંફી માંગી લે.

આ અંકમાં જ્ઞાનીની સમજણ મેળવીએ કે ભૂલનો સ્વીકાર કરવામાં શું ફાયદો છે અને બહાના બનાવવામાં શું નુકશાન છે. સેમને કયો સુપરપાવર મળ્યો અને બહાના બનાવવાને કારણે મિયું સાથે શું થયું ? તો ચાલો, બહાના બનાવવાનું છોડીએ, પણ આ બહાને આલુ-ચીલીની વાર્તામાં આગળ શું થયું એ વાંચવાનું છોડતા નહીં.

- ડિમ્પલ મહેતા


અક્રમ એક્સપ્રેસ

March, 2026
Year 18, Issue : 07
Conti. Issue No.: 211
Published Monthly



સંપર્ક સૂત્રઃ
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.



© 2026, Dada Bhagwan Foundation
All Rights Reserved



Price Per Copy: NIL

# જ્ઞાનીઓ કહે છે...

આપણે આપણી ભૂલ એક્સેપ્ટ કરતા થઈએ ને તો પેરેન્ટ્સને ઓછું દુઃખ થશે. એ લોકોને દુઃખ વધારે ક્યાં થાય છે ? આપણી ભૂલ થાય છે એનું દુઃખ નથી થતું પણ આપણે ભૂલ એક્સેપ્ટ કરતા નથી અને એમની સામે રિએક્ટ થઈએ છીએ ને એનું વધારે દુઃખ થાય છે. આપણી ભૂલ જો એક્સેપ્ટ કરી લઈએ ને સૉરી કહી દઈએ ને તો ટાઢું પડી જ જાય. પણ આપણને આપણી ભૂલ લાગતી નથી, દેખાતી નથી, એમની જ ભૂલ દેખાય છે.

આપણા વ્યૂ પૉઈન્ટથી આ બરાબર છે ને એમના વ્યૂ પૉઈન્ટથી બરાબર નથી એટલા પૂરતું જ લોચા પડતા હોય છે. આપણે સમજી જવાનું કે એમના વ્યૂ પૉઈન્ટમાં આપણી વાત નથી આવતી તો ત્યાં થોડીવાર બ્રેક મારો, ત્યાં તરત સાચું-ખોટું કરવા, આર્ગ્યુમેન્ટ કરવા

આપણી ભૂલ જો એક્સેપ્ટ કરી લઈએ

બેસી જવાનો અર્થ જ નથી. એમાંથી જ બધું બગડી જાય છે. પછી ધીમે રહીને પાછળથી કહેવાનું કે, તમે આ કહ્યું, મેં વિચાર્યું પણ મારા વ્યૂ પૉઈન્ટથી આવું લાગે છે, તમે પણ વિચારો મારા વ્યૂ પૉઈન્ટને.

**પ્રશ્નકર્તા :** ક્યારેક મને ખબર હોય કે મારી ભૂલ થઈ છે. પણ મમ્મી પૂછે ત્યારે મારાથી ક્યારેક જૂઠું બોલાઈ જવાય છે. તો એનો શું ઉપાય ?

**પૂજ્યશ્રી :** એ ખુલ્લું કરી દેવાનું. મમ્મી પાસે કહી દેવાનું, મમ્મી આ મારાથી ભૂલ થઈ ગઈ છે. પછી મમ્મી સમજણ પાડશે અથવા આપણને સુધારી આપશે. આપણે ચોખ્ખા થઈ જઈશું. એટલે એમાં જૂઠું નહીં બોલવાનું. એનાથી ભૂલ બહુ વધતી જાય અને પછી બહુ નુકશાન થાય. એના કરતાં ખોટું કામ થયું ત્યારે પહેલું ખુલ્લું કરી દેવાનું તો ચોખ્ખા થવાય આપણાથી. ભૂલ વગરના થવાય આપણાથી.




મિયું
ક્યાં છે મિયું ? કાલે એણે પ્રૉમિસ કર્યું હતું કે એ ટાઈમસર આવી જશે.
મોતીએ એકલા એકલા બધા જ ગાજર અને બીટ સાફ કરી દીધા. ત્યાં તો એને અવાજ સંભળાયો...
હું આવી ગઈ... અરે, તેં બધું પતાવી પણ દીધું. કાલે રાત્રે સૂતા સૂતા એટલું મોડું થઈ ગયું. અને સવારે ઉઠાયું જ નહીં. અને પછી હું આવવા જતી જ હતી ત્યારે મને રસ્તામાં ખીસું મળી ગઈ.


મિયું, તારા બહાના નથી સાંભળવા. ક્યારેક તારો એલાર્મ નથી વાગતો, ક્યારેક તું લેટ સૂઈ જાય છે, ક્યારેક ઘાસમાં ફસાઈ જાય છે. રોજ તારી પાસે કોઈ ને કોઈ બહાનું હોય જ છે.
બહાના નથી. હું સાચું જ કહું છું.
મિયું, સાચું તો એ છે કે તને ક્યારેય તારી ભૂલ ખબર જ નથી પડતી. અને તું સૉરી ફીલ નથી કરતી. કામ કરવા નહીં, તું તો ગેમ્સ રમવા અને નાસ્તો કરવા પણ મોડી આવે છે. તારા કારણે બધા હેરાન થાય છે. તને ખબર છે ?!




અને મિયું જતી રહી. થોડા દિવસ પહેલા જ આન્ટી મરઘીએ એક મોટી ઘોષણા કરી હતી. એમના ફાર્મ પર એક ટૅલેન્ટ શો યોજાવવાનો હતો. ટૅલેન્ટ શોમાંથી જે સિલેક્ટ થાય એને જંગલના વાર્ષિક મેળામાં પરફોર્મ કરવાનો ચાન્સ મળશે.



અને બસ, એ જ દિવસથી મિયું ડાન્સ પ્રેક્ટિસ કરવા લાગી. એ જ્યારથી નાની હતી ત્યારથી એણે સ્ટેજ પર ડાન્સ કરવાનું સપનું જોયું હતું.






એક મોટું સ્ટેજ, મારા પર સ્પૉટ લાઈટ, પિંક અને બ્લુ કલરનું ફ્રૉક અને જંગલના બધા જ પ્રાણીઓ ઑડિઅન્સમાં બેઠા હોય !



મિયુંએ એના ડાન્સ સ્ટેપ્સ એટલી બધી વાર પ્રેક્ટિસ કર્યા હતા કે ઊંઘમાંથી ઉઠાડીને કોઈ કરાવે તો પણ એ આરામથી કરી શકે.




આખરે, એ દિવસ આવી ગયો. નક્કી થયેલા ટાઈમ પર ટૅલેન્ટ શો શરૂ થયો. મિઝોમા જંગલથી મુઝી ગાય ટૅલેન્ટ શોના જજ તરીકે આવી હતી. બેલાએ બહુ જ સુરીલું ગીત ગાયું. મોતીએ ચાર બિસ્કીટ હવામાં એવી રીતે ઉછાળીને ફેરવ્યા કે એક પણ બિસ્કીટ જમીન પર ના પડ્યું. હેનરીએ પગની એડી પર સુંદર ડાન્સ કર્યો.

બસ, હવે મિયુંનો વારો હતો. મિયું આવી ત્યારે બધું જ શાંત હતું. લાઈટો બંધ થઈ ગઈ હતી. સ્ટેજ ખાલી હતું. બહાર નીકળી તો દિવાલ પર એક મોટું પોસ્ટર વાંચ્યું અને આંખોમાંથી ટપ ટપ ટપ આંસુ પડવા લાગ્યા.






પોસ્ટર પર લખ્યું હતું - બેલા, ધ વિનર. વર્ષોથી સ્ટેજ પર ડાન્સ કરવાનું મિયુંએ સપનું જોયું હતું. પાંચસો વાર એણે ડાન્સ પ્રેક્ટિસ કરી હતી. આન્ટી મરઘીને રડતા રડતા એણે વિનંતી કરી,

‘આન્ટી, મને તો ચાન્સ મળ્યો જ નહીં ! પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ... એક ચાન્સ આપો ! હું ટાઈમસર જ આવવાની હતી, પણ...’

મિયું, તું ક્યારે માનીશ કે તારી ભૂલ થાય છે ? મુઝી ગાયને ટ્રેન પકડવાની હતી. તારી રાહ જોવા બેસે તો ટ્રેન જતી રહે. તું ભૂલથી મોડી આવી, એ ભૂલ નથી. ભૂલ તો બધાથી થાય. પણ તું ક્યારેય તારી ભૂલ માનતી જ નથી. એટલે જ તારી ભૂલ જતી નથી.




મિયું, ડાન્સ કરવા માટે સ્ટેપ્સ શીખવા પડે ને ? એ જ રીતે ભૂલ કાઢવા માટે પણ સ્ટેપ્સ શીખવા પડે. અને ફર્સ્ટ સ્ટેપ એ છે કે પહેલા માનવું પડે કે બધી જગ્યાએ મોડું પહોંચવું ખોટું છે, નક્કી કરવું પડે કે મારે મોડા નથી પહોંચવું.
મોડા પડવાથી આજે તારું જ નુકશાન થયું ને ? તારી આ ટેવથી બધા હેરાન થાય છે.
આન્ટી, હું નક્કી કરું કે મારે મોડા નથી પડવું. છતાંય મોડી પડી જાઉં તો ?

તો તરત જ ‘સૉરી’ કહી દેવાનું. અને કોઈ તને મોડા આવવા માટે વઢે તો ક્યારેય બહાના નહીં બનાવવાના. જોજે ને, આ સ્ટેપ્સ ફૉલો કરીશ તો ધીરે ધીરે ક્યાંય મોડી નહીં પડે અને એક દિવસ સ્ટેજ પર ડાન્સ કરવાનું તારું સપનું ચોક્કસ પૂરું થશે.




આખું વર્ષ મિયું આ સ્ટેપ્સ ફૉલો કરતી રહી. મોડી તો એ ઘણીવાર પડે છે પણ હવે એ બહાના નથી બતાવતી અને સાચું કારણ કહી દે છે. મિયુંએ એનું સપનું પૂરું કર્યું કે નહીં એ તો નથી ખબર, પણ એટલી ખબર છે કે હવે મિયું મોડી પડે છે તો એના ફ્રેન્ડ્સ એનાથી હેરાન થવાને બદલે એની હેલ્પ કરે છે.



# આ તો નવી જ વાત !

ભૂલને ભૂલ જાણે નહીં અને એનું રક્ષણ કરે એટલે ભૂલ જાય નહીં.







ઓહો, આ તો મને સાચવે છે. મારું રક્ષણ કરે છે. હું અહીંયા આરામથી રહીશ.
મને ગુસ્સો આવી જાય તો હું એવું કહું કે ગુસ્સો ખોટો છે. ભૂલ થઈ ગઈ. માંફી માંગુ છું.
અરે, ભાગો ભાગો... આ તો મને નથી સાચવતા.



# સેમ ધ સુપરહીરો

પાવરવિલ શહેરમાં દરેક વ્યક્તિ પાસે એક સુપરપાવર હતો. દરેક, એટલે કે લગભગ દરેક. બાળકની ઉંમર સાડા સાત વર્ષની થાય એટલે એને એનો સુપરપાવર મળે. એ જાદુઈ દિવસે શહેરની વચ્ચે આવેલા 'પાવર પ્રીઝમ ટાવર' પરથી એક ચળકતું સોનેરી કિરણ બહાર નીકળે. અને ધડામ કરીને બાળકને પોતાનો સુપરપાવર મળી જાય ! તે દિવસે આખું શહેર પાવર પ્રીઝમ ટાવર પાસે ભેગું થાય. બાળકને સુપરપાવર મળે એટલે બધા સાથે મળીને ઉજવણી કરે.



સુપરપાવર એટલે કેવા કેવા ? કોઈક બાળક ઊડવાનું શીખી જાય તો કોઈક પ્રાણીઓ સાથે એમની જ ભાષામાં વાતો કરી શકે. અરે, એટલું જ નહીં લુસી પાસે કેવો સુપરપાવર છે, ખબર છે ? લુસીના કોઈપણ ફ્રેન્ડ્સ સ્કૂલમાં ના ભાવતો નાસ્તો લાવ્યા હોય તો લુસી એ નાસ્તાને ચૉકલેટ કેકમાં બદલી શકે. એટલે જ તો રોજ રિસેસમાં લુસીની આસપાસ ભીડ ભેગી થાય છે.

સેમની ઉંમર સાત વર્ષ, ચાર મહીના અને પંદર દિવસ. એટલે એ દિવસ સેમ માટે કંઈ ખાસ દૂર નહોતો. પાવરવિલના સુપરહીરો સેમના સુપરપાવરને જાણવા માટે એના કરતા પણ વધુ આતુર હતા. કારણ એ જ કે સેમને સુપરપાવર મળી જાય તો પછી શહેરમાં થતી દુર્ઘટનાઓ ઓછી થાય. એ કેવી રીતે ? કારણ કે સેમ જ્યાં હોય ત્યાં કોઈને કોઈ દુર્ઘટના ઘટી જ જાય !

થોડા દિવસ પહેલાની જ વાત છે. ડ્રૉઈંગ ક્લાસમાં સેમથી મિસ રીમાની સાડી પર રંગ ઢોળાઈ ગયો. આખો ક્લાસ ગભરાઈ ગયો. ગયા વર્ષે જ્યારે મિસ રીમાની સાડી પર કોઈએ મૂછો દોરી હતી



ત્યારે આખા ક્લાસને સજા મળી હતી. કારણ કે કોઈએ ભૂલ કબૂલ નહોતી કરી.

તે દિવસે પણ મિસ રીમાને ખબર નહોતી કે રંગ કોનાથી ઢોળાયો. પણ સેમએ તરત જ માંફી માંગી લીધી, 'સૉરી, મેડમ. મારી ભૂલ થઈ ગઈ.'

મિસ રીમાએ હસીને કહ્યું, 'ફરી ધ્યાન રાખજે, સેમ. હું ખુશ છું કે તેં તારી ભૂલ કબૂલ કરી લીધી.' અને સેમને કોઈ સજા ના મળી.



એક દિવસ સેમ એના ડેડીની ઑફિસે ગયો હતો. એના ડેડી એટલે કે પાવરવિલ શહેરના મોટા પોલીસ ઑફિસર. સેમ તો બસ પાણી પીવા જતો હતો અને અચાનક જોરથી સાઈરન વાગવા લાગી. વીવુંવીવુંવીવું... આખું શહેર ગભરાઈ ગયું.

ધીમેથી સેમએ કહ્યું, 'સૉરી, ડેડી. હું ભૂલથી અથડાઈ ગયો અને બટન પ્રેસ થઈ ગયું.' ડેડીએ સેમના માથે હળવી ટપલી મારી અને

સ્પીકર પર અનાઉન્સ કર્યું. ‘કોઈ ઈમરજન્સી નથી. આ તો સેમ ઑફિસ આવ્યો છે.’ અને આખું શહેર હસી પડ્યું.

બસ, એની ખાસિયત આ જ હતી કે હંમેશાં પોતાની ભૂલ કબૂલ કરી લેતો. ક્યારેય કોઈ બહાનાબાજી નહોતો કરતો કે, ‘મેં નથી કર્યું, આમાં મારી કોઈ ભૂલ નથી, એ તો એણે એવું કીધું એટલે મેં કર્યું,’ વગેરે વગેરે... અને એટલે જ સેમ બધાનો પ્રિય હતો. હં... બધાનો ? ના, ના બધાનો તો નહીં. ઝૂનો અને એના ફ્રેન્ડ્સની ટોળી ઘણીવાર સેમની આ આદતની મજાક ઉડાવતા. ‘સેમ સાવ નબળો છે. એટલે તરત માંફી માંગી લે છે. જો એની પાસે અમારા જેવો પાવર હોત, તો એ આમ સાવ સહેલાઈથી ભૂલો કબૂલ ના કરી દેત.’

પણ, સેમને ઝૂનોની વાતોથી કંઈ ફરક નહોતો પડતો. એને તો મિસ રીમાની વાત યાદ હતી કે “પોતાની ભૂલ કબૂલ કરીને ‘સૉરી’ કહી દઈએ, તો ભૂલ ધીમે ધીમે ભાગી જાય. પણ જો, ‘ભૂલ મેં નથી કરી’ એમ કહીને ભૂલને સાચવીએ તો ભૂલને આપણી પાસે રહેવાની મજા પડી જાય !”

આખરે એ દિવસ આવી ગયો જેની આખા પાવરવિલ શહેરે રાહ જોઈ હતી. સેમ એના મમ્મી-ડેડી સાથે પાવર પ્રીઝમ ટાવર પાસે ઊભો હતો. સેમની આંખો ચમકી રહી હતી. અને મોઢા પર એટલી મોટી સ્માઈલ હતી કે વાત ના પૂછો. આખું શહેર ત્યાં ભેગું થયું હતું.

પાવર પ્રીઝમ ટાવરમાંથી એક ચળકતું સોનેરી કિરણ બહાર



નીકળ્યું. બધા જ આતુર હતા. શું થશે ? સેમને કયો સુપરપાવર મળશે ? એ ઊડી શકશે ? કે પછી લેઝર શૂટ કરશે ? ડૉલ્ફિન્સ સાથે વાતો કરશે ? એનાથી થતી દુર્ઘટનાઓ બંધ કેવી રીતે થશે ? ચળકતું સોનેરી કિરણ વધુ ચમક્યું. એટલો બધો ચળકાટ છવાઈ ગયો કે બે ક્ષણ માટે તો કોઈને કંઈ દેખાયું જ નહીં.


અને પછી અચાનક... પૂફ...

કિરણ ગાયબ. ચળકાટ પણ ગાયબ !!

સેમએ બે-ત્રણ વાર આંખો મીંચીને ઉઘાડી, 'શું થયું ? મને છીંક આવી અને કિરણ ગાયબ થઈ ગયું ?'

શહેરના બધા જ લોકો દંગ થઈ ગયા. અંદર અંદર ગુસપુસ કરવા લાગ્યા. આવું પહેલા ક્યારેય નહોતું થયું.

અને ત્યારે જ એક રંગબેરંગી ફીરકી ઊડતી ઊડતી પ્રીઝમ ટાવર





પાસે આવીને ઊભી રહી. ફીરકી પર વીંટળાયેલું સિલ્વર રંગનું પેપર ધીરે ધીરે નીચે ઊતર્યું.

પેપર પર મોટા સરસ લાલ અક્ષરોમાં લખ્યું હતું, 'સેમ પાસે પહેલેથી જ એક સુપરપાવર છે.'

'એટલે મને કોઈ સુપરપાવર નહીં મળે ?' સેમનો અવાજ એવો હતો કે બસ, હમણાં રડી જ પડશે.

સેમના પ્રશ્નનો કોઈ જવાબ ના મળ્યો. સેમ ગૂંચાઈ ગયો. કોઈને કંઈ સમજણ ના પડી. એ દિવસે ઉજવણી કરવાનું કોઈ કારણ જ નહોતું. એટલે, બધા પોતપોતાને ઘરે જતા રહ્યા. એ દિવસ પછી અવનવી ઘટનાઓ ઘટવા લાગી.

એક દિવસ સેમની ફ્રેન્ડ કાયરા પાવરડેશ ગેમમાં હારી ગઈ. એ






બહુ જ દુઃખી હતી. સેમએ એને બસ એટલું જ કીધું, ‘રીબાટ રોલી કંઈ એની બધી ગેમ્સ જીત્યો છે ? તો, પણ ચૅમ્પિયન જ છે ને ! આજે હારી ગઈ, તો કાલે જીતી જઈશ. એમાં દુઃખી શું થવાનું ?’ અને કાયરાનું બધું દુઃખ ગાયબ થઈ ગયું.

એક દિવસ લુસીથી એવી ભૂલ થઈ કે સુપરપાવરથી ચૉકલેટ કેક બનવાને બદલે ચૉકલેટ સોસ બની ગયો. એ બહુ નિરાશ થઈ ગઈ. સેમએ બસ એટલું જ કહ્યું, ‘અરે, ભૂલ થઈ જવી એ કંઈ ભૂલ ના કહેવાય. ભૂલ ખબર પણ ના પડે એ ભૂલ છે. તું એવું કહે કે તારી



કોઈ ભૂલ નહોતી, તો એ ભૂલ છે. ચલ, નવી ડિશ, પાસ્તા ઈન ચૉકલેટ સોસ બનાવીએ.' અને બસ, લુસી એકદમ ખુશ થઈ ગઈ.

અને આમ, સેમના શબ્દો બધાને જ ખુશ કરી દેતા હતા. દિવસો પસાર થયા. બાળકોને પોતાના સુપરપાવર્સ મળતા રહ્યા. પણ, પ્રીઝમ ટાવરને સેમના સુપરપાવરની ઘોષણા કરવાની જરૂર નહોતી. પાવરવિલમાં બધાને જ ખબર પડી ગઈ હતી કે સેમ પાસે પોતાના શબ્દોથી નિરાશ ચહેરા પર સ્માઈલ લાવવાનો અને દુઃખી દિલને ખુશ કરવાનો સુપરપાવર આવી ગયો હતો.



પણ, આ સુપરપાવર સેમ પાસે આવ્યો કેવી રીતે ? એનું રહસ્ય ફક્ત મિસ રીમાને ખબર હતી. તમને શું લાગે છે, સેમ પાસે આવો સુપરપાવર કેવી રીતે આવ્યો હશે ?

**અમને આ નંબર પર ૯૩૧૩૬૬૫૫૬૨ જણાવો.**




આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...
**Click Here :** https://dbf.adalaj.org/R32d924x

**આલુ સાથે ફ્રેન્ડશિપ તોડીને ચીલી આલુના જ ઘરે ઝઘડો કરવા ગયો અને રાહ જોતા સૂઈ ગયો. આલુએ એને ઉઠાડ્યો. ચીલીને સિંગિંગ કૉમ્પિટિશનની વાત યાદ આવતા ફરી એનું શરીર બળવા લાગ્યું. એણે આલુને કંઈક કરવાનું કહ્યું જેથી એનું શરીર બળતું બંધ થાય. જોઈએ આગળ ચીલી શું કહે છે.**

હું ગોળ ગોળ ઉડતો હતો ત્યાં તો આલુએ પોતાની મોટી સૂંઢ વચ્ચે ઊંચી કરી. મારું પેટ એની સૂંઢ સાથે ભટકાયું. મારા પેટના બધા લાડુ ગોળ ગોળ ફરી ગયા. એણે મને પકડીને બારીમાં બેસાડી દીધો. અને મને કહે, ‘તું સિંગિંગ કેમ કરે છે ? તું મારી જેમ સ્કેટિંગ કર ને ! મને લાગે છે, કે તું એકદમ બેસ્ટ સ્કેટર બનીશ ને બધી કૉમ્પિટિશન જીતીશ !’ મને થયું આ આલુને શું થયું છે ? મેં એને કહ્યું, ‘મારે નથી કરવું સ્કેટિંગ.’ તો મને કહે, ‘પ્રોમિસ, હું તને કાયમ ફર્સ્ટ આવવા દઈશ. તું વર્લ્ડનો બેસ્ટ સ્કેટર બની જઈશ’ આ આલુ કેવી વાત કરે છે ? હું અકળાઈ ગયો, ‘મારે નથી કરવું સ્કેટિંગ. સ્કેટિંગ મને ગમતું પણ નથી અને મને સ્કેટિંગ કેવી રીતે ફાવે ? હું કરવા જઉં તો મારી પાંખના કારણે હું ઊડી જઉં. વર્લ્ડનો બેસ્ટ સ્કેટર કે જંગલનો બેસ્ટ સ્કેટર. મારે સ્કેટર જ નથી બનવું ને ! કેવી વાત કરે છે તું.’



અને પછી મારી વાત સાંભળ્યા વગર કહેવા લાગ્યો, ‘ચીલી તને યાદ છે ? તેં જ્યારે આપણી ફ્રેન્ડશિપનું સૉંગ બનાવ્યું હતું અને મને પહાડ પર લઈ જઈને સંભળાવ્યું હતું ?’ હું ગૂંચવાઈ ગયો, કે અત્યારે આલુ આ વાત કેમ કરી રહ્યો છે ? એણે મને પૂછ્યું, ‘નથી યાદ તને ? અરે, સામેના પહાડમાંથી તારા સૉંગના પડઘા સાંભળીને મને તો એટલી મજા આવી ગઈ હતી !’

આ સાંભળતા જ મને એ દિવસ યાદ આવી ગયો. મેં આલુ માટે આ સૉંગ બનાવ્યું હતું અને એના બર્થ ડે પર એને સંભળાવ્યું હતું. આલુ એટલો બધો ખુશ થઈ ગયો હતો કે એણે મારા સૉંગ પર ડાન્સ કરવાનો પ્રયત્ન કર્યો હતો ! આ વાત યાદ કરતા જ મને હસવું આવી ગયું.



ત્યાં આલુ બોલ્યો, 'પણ ત્યારે તને તો સિંગિંગ કરવું જરાય નહીં ગમ્યું હોય ને ? મેં પૂછ્યું, 'કેમ ? મને તો સિંગિંગ કરવાની બહુ જ મજા આવી હતી.' તો મને કહે, 'ત્યાં તો કોઈ તને સાંભળવા પણ નહોતું આવ્યું, મેં તને કોઈ પ્રાઈઝ પણ નહોતી આપી, તને કેવી રીતે મજા આવી ?' આ કેવી વાત કરે છે, મેં તો એને તરત જવાબ આપ્યો, 'હું કંઈ થોડું લોકોને સંભળાવવા ગાઉં છું, મને તો આમ પણ ગાવાનું ગમે છે. અને તારે મને થોડી પ્રાઈઝ આપવાની હતી, તને મારું સૉંગ સાંભળવાની મજા આવી એ જ મોટામાં મોટી પ્રાઈઝ હતી.'











આલુ એકદમ સીરિઅસ થઈને મને કહેવા લાગ્યો, 'તો ચીલી, તું આટલી સિમ્પલ વાત કેવી રીતે ભૂલી ગયો કે તને ગાવાની મજા આવે છે, જીતવાની નહીં. મારી સાથે હોય કે એકલો હોય, ઉડતો હોય, સિંગિંગ કૉમ્પિટિશન હોય કે ચીલી શેક પીતો હોય, તને ગાવાની જ મજા આવે છે. તું એટલે નથી ગાતો કેમ કે તું બેસ્ટ સિંગર બનવા માંગે છે, તું એટલે ગાય છે કેમ કે તને ગાવું ગમે છે ! બેસ્ટ જ બનવું હોત તો તું સ્કેટિંગ, ડાન્સિગ કે બીજું કંઈ પણ કરી શકે ને. પણ તું સિંગિંગ સિલેક્ટ કરે છે કેમ કે તને સિંગિંગ ગમે છે.'

**આલુ, ચીલીને શું સમજાવવા માંગે છે ? શું ખરેખર ફર્સ્ટ આવવા કરતા સિંગિંગ કરવું એ ચીલી માટે વધુ મહત્વનું છે ? તો એ હારી જવા પર આટલો દુઃખી કેમ થઈ ગયો ?**

# ચાલો રમીએ...

પતંગિયાને ફૂલ સુધી પહોંચવા માટે
રસ્તો શોધવામાં મદદ કરો.



# આમાં તમે શું કરશો ?

નીચે આપેલા પ્રસંગમાં અનાયાએ દરેક પરિસ્થિતિમાં જુદી જુદી રીતે રિએક્ટ કર્યું છે. પ્રસંગ વાંચીને, અનાયાની જગ્યાએ તમે હોવ તો નીચે આપેલા પ્રશ્નોમાં શું કરશો ?

'અનાયા, તારું સાયન્સ હોમવર્ક કેમ નથી થયું હજુ ?' મમ્મીએ અનાયાની બુક ખોલીને જોયું.

'મારી પાસે ટાઈમ જ ક્યાં હતો ? તમે મને દૂધ લેવા મોકલી, પછી મારે મ્યુઝિક ક્લાસ હતા. અને પછી મારી ફ્રેન્ડ્સ આવી ગઈ. તો હું શું કરું ?' અનાયા બોલી.

'પછી પણ ટાઈમ હતો ને તારી પાસે ?' મમ્મીએ પૂછ્યું.

'ના, આમાં મારી ભૂલ નથી. તમને નથી ખબર પડતી.' અનાયાએ ચિડાઈને કહ્યું અને બુક લઈને રૂમમાં જતી રહી.

રાત્રે અનાયા હૉટ ચૉકલેટ દૂધ લઈને



સોફા પર બેઠી. સહેજ ખસવા ગઈ ત્યાં તો થોડું દૂધ સોફા પર ઢોળાયું. 'અનાયા, તને કેટલી વાર કહ્યું છે કે સોફા પર દૂધ લઈને ના બેસ. ડાઈનિંગ ટેબલ પર બેસ.' પપ્પાએ અકળાઈને કહ્યું. અનાયા વધારે અકળાઈ, 'પણ, હું શું કરું. મમ્મીએ દૂધ છલોછલ ભરી દીધું. એટલે ઢોળાયું.'



રાત્રે અનાયા મમ્મીનું લેપટોપ લઈને બેઠી હતી. કંઈક કરવા જતા લેપટોપ માંથી મમ્મીની એક ફાઈલ એનાથી ડિલીટ થઈ ગઈ. મમ્મી બહુ જ ગુસ્સે થઈ ગયા. 'અનાયા, પૂછ્યા વગર મારું લેપટોપ કેમ વાપરે છે ?'

'પણ, તમે જ મને કહ્યું હતું કે રાત્રે હું થોડીવાર માટે તમારું લેપટોપ વાપરી શકું છું. કહ્યા પછી તમે જ ભૂલી જાઓ છો.' અનાયા રિસાઈને એના રૂમમાં જતી રહી.



# હવે કહો,

## તમે અનાયાની જગ્યાએ હોઉં તો...

**મમ્મીએ પૂછ્યું કે હોમવર્ક કેમ નથી થયું ત્યારે...**

A. રોજ કરી નાખું છું. એક જ દિવસ નથી થયું એમાં આટલું ગુસ્સે કેમ થાઓ છો ?
B. તમે હંમેશાં બધું કામ મને જ સોંપો છો. એટલે મને હોમવર્ક કરવાનો ટાઈમ જ નથી મળતો.
C. હું ભૂલી ગઈ કે મારું હોમવર્ક બાકી છે. હમણાં પતાવી દઉં છું.

**પપ્પાએ કહ્યું કે ડાઈનિંગ ટેબલના બદલે સોફા પર કેમ બેઠી ત્યારે...**

A. મને, કેમ કહો છો ? મમ્મીને કહો ને દૂધ છલોછલ ના ભરે.
B. ભૂલ થઈ ગઈ, પપ્પા. હમણાં સાફ કરી દઉં છું.
C. પપ્પા, મને સોફા પર બેસવું ગમે છે. હવે હું ઢાંકણાવાળા ગ્લાસ લઈને સોફા પર બેસીશ.

**મમ્મી જ્યારે એમનું લેપટોપ વાપરવા બદલ ગુસ્સે થયા ત્યારે...**

A. મને નથી ખબર કેવી રીતે ડિલીટ થઈ. મેં નથી કરી.
B. જાણી જોઈને ડિલીટ નથી કરી. ગુસ્સે કેમ થાઓ છો ?
C. ભૂલ થઈ ગઈ. તમે મને લેપટોપ વાપરતા શિખવાડશો ?



(જવાબ : ૧-C, ૨-B અને ૩-C)



# Summer camp

# બાળકો માટે સંસ્કાર સિંચન શિબિર વર્ષ ૨૦૨૬


| | Group C - ૪ થી ૭ વર્ષ | | Group B ૮ થી ૧૨ વર્ષ | |
|---|---|---|---|---|
| સેન્ટર | તારીખ | સંપર્ક નંબર | તારીખ | સંપર્ક નંબર |
| સીમંધર સીટી | ૫ એપ્રિલ | ૯૩૧૩૬૬૫૫૬૨ | ૧૯ એપ્રિલ | ૯૩૧૩૬૬૫૫૬૨ |
| અમદાવાદ | ૧૮, ૧૯ એપ્રિલ | ૮૧૬૦૬૨૮૪૭૩ | ૨૨, ૨૫ અને ૨૬ એપ્રિલ | ૯૯૦૪૪૨૭૦૨૯ |
| અમરેલી | - | - | ૨૬ એપ્રિલ | ૯૪૦૮૮૯૮૭૯૨ |
| આણંદ | - | - | ૩ મે | ૭૩૫૯૫૨૯૦૬૭ |
| બરોડા | ૧૯ એપ્રિલ | ૯૭૧૨૯૮૧૫૧૫ | ૨૬ એપ્રિલ | ૯૯૯૮૦૦૮૪૩૫ |
| ભરૂચ | - | - | ૨૬ એપ્રિલ | ૮૩૨૦૭૧૦૬૮૮ |
| ભાવનગર | ૧૯ એપ્રિલ | ૯૪૦૯૪૬૭૧૮૧ | ૩ મે | ૯૫૫૮૮૬૦૨૫૯ |
| ભુજ | ૧૯ એપ્રિલ | ૯૪૨૯૨૯૭૨૨૩ | ૨૬ એપ્રિલ | ૯૫૩૭૨૮૬૮૫૫ |
| ધોરાજી | - | - | ૩ મે | ૮૨૩૮૭૧૪૯૭૨ |
| ગાંધીધામ | - | - | ૧૯ એપ્રિલ | ૯૪૨૮૩૧૦૭૮૭ |
| જામનગર | ૧૯ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ | ૩ મે | ૯૮૭૯૫૫૧૫૧૮ |
| જુનાગઢ | - | - | ૧૦ મે | ૮૩૬૦૧૪૩૦૦૯ |
| મહેસાણા | ૧૨ એપ્રિલ | ૮૪૬૯૨૬૪૬૦૫ | ૨૬ એપ્રિલ | ૯૪૨૭૬૫૦૩૮૨ |
| મોરબી | ૨૯ માર્ચ | ૯૭૨૫૧૯૯૧૪૪ | ૨૬ એપ્રિલ | ૯૯૭૮૬૩૩૦૩૫ |
| મુંબઈ | બોરીવલી અને મુલુંદ ૧૧ એપ્રિલ<br>ઘાટકોપર - ૧૨ એપ્રિલ | ૮૬૫૨૮૯૦૦૬૬ | ૧૨ એપ્રિલ | ૯૮૬૭૯૮૯૨૦૨ |
| રાજકોટ | ૨૬ એપ્રિલ | ૮૮૪૯૦૪૩૩૬૨ | ૩ મે | ૭૭૭૯૦૨૩૭૨૬ |
| સુરત | ૨૯ માર્ચ | ૯૭૨૫૧૯૮૪૫૪ | ૧૫ માર્ચ | ૯૫૭૪૦૦૮૪૯૮ |
| વેરાવળ | ૩ એપ્રિલ | ૮૯૮૦૪૮૩૬૮૩ | ૮ મે | ૯૭૧૨૧૯૧૮૮૭ |
| વલસાડ | - | - | ૨૬ એપ્રિલ | ૯૭૧૪૯૦૯૯૯૪ |

૧. સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨. રજીસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઇ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૫ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩. સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રીમંદિર સંકુલના 'સ્ટોર ઓફ હેપ્પીનેસ' પર સાંજે ૫:૦૦ થી ૬:૩૦ દરમ્યાન જે તે સમરકેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઇ શકશે. આ રજીસ્ટ્રેશન ૨૨ માર્ચ થી શરૂ થશે. સંપર્ક સૂત્ર ૯૩૧૩૬૬૫૫૬૨

# ગુજરાતી અક્રમ એક્સપ્રેસ હવે Video માં પણ ઉપલબ્ધ... પણ ક્યાં ? ચાલો જાણીએ.




**સ્ટેપ-૧**

વેબ સાઈટ ખોલો...

https://kids.dadabhagwan.org




**સ્ટેપ-૨**

અક્રમ એક્સપ્રેસ મેગેઝીન ગુજરાતી ભાષામાં ખોલો...




**સ્ટેપ-૩**

મેગેઝીનના ફોટો પર ક્લિક કરો. એટલે ૪ બટન દેખાશે.

**સ્ટેપ-૪**

આ બટનથી...



શેર કરો.

ડાઉનલોડ કરો.

ઓનલાઇન વાંચો.

વિડીઓ મેળવો.